પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

**♣♣♣♣♣ નોકર ઘર-ઘાટી ની નોંધણી અંગેનું જાહેરનામું ♣♣♣♣♣**

**♣♣♣♣♣ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ♣♣♣♣♣**

COMMISSIONER OF POLICE SPL.BR RAJKOT CITY

ક્રમાંક: એસ.બી./૧૪/જાહેરનામું/૧૮૭૩ /૨૦૨૫
તા.૧૩ /૦૫/૨૦૨૫

રાજકોટ શહેરમાં બનતા લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/ઓનલાઇન સર્વિસ પ્રોવાઇડરો જેવા વ્યવસાયિક એકમોમાં કામ કરતાં વ્યકિતઓ તેમજ ખેતરોમાં કામ કરતા મજુરો, મકાન માલીક/ખેતર માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો ધ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરતા હોય છે. જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂં,

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા, આઇ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૃધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરુ છું અને નીચે મુજબનો હુકમ કરૂ છુ.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/મકાન બાંધકામ બિલડર્સ/ટેક્ષટાઇલ ઉધોગ/હિરા ઉધોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરના માલીકો / ઓનલાઇન સર્વિસ પ્રોવાઇડરો / મેનેજમેન્ટ સ્ટાફ / ખેતરના માલીકો કે જેઓના યુનિટમાં / ખેતરમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, મજુરો / ખેત મજુરો વિગેરે કે જે હાલમાં કામ પર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજૂરો/ખેત મજુરો / નોકરોની માહિતી/હકીકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઇડ એપ્લિકેશન મારફતે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. તથા પોતાની પાસે પણ રાખવાની રહેશે. તથા કામે રાખનાર માલિકે પોતાના ફોટો, ઘરનું સરનામું ધરાવતા ફોટો, I-Card, મોબાઇલ નંબર ની વિગત સાથે

જાહેરનામામાં દર્શાવેલ ફોર્મ પોતાના વિસ્તારના પો.સ્ટે. ખાતે જમા કરવાનું રહેશે. આ અંગે દરેક પો.સ્ટે. કક્ષાએ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

<u>ઉપરોકત મુદ્દા નં. ૧ ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.</u>

| ઓળખપત્ર ફોર્મ (Credential form) ફોર્મ નં- | | | |
|---|---|---|---|
| નામ (Name) | | | |
| પિતાનું નામ (Father'S Name ) | | મો.નં- | |
| માતાનું નામ (Mother'S Name) | | મો.નં- | |
| જન્મ તારીખ (Date of birth) | | | |
| વતનનું સરનામુ (Home-Permanent address) | | | |
| વતનના કોર્પોરેટર/સરપંચનું નામ તથા મો.નંબર(Pradhan/Sadasya name & mo.no.of native place) | | | |
| વતનનું પોલીસ સ્ટેશન અને ફોન નંબર Police station name & phone number) | | | |
| હાલ નું રહેવાનુ સરનામુ (Present residential address) | | | |
| કઇ જગ્યાએ કામ કરે છે ( Where does he/she work? Place of work) | | | |
| મોબાઇલ/ફોન નંબર ( Mobile/Phone Number) | | | |
| ઓળખ ચિન્હો તથા સહી /અંગુઠાનું નિશાન ( Identification marks and signature/finger print) | | | |
| અભ્યાસ/કોલેજ/સ્કુલ નુ નામ ( Name of Study/College/School) | | | |
| મજુર/નોકર ભારતીય નાગરીક છે કે કેમ ? હા/ના , જો હા, તો ભારતીય નાગરીકતાના પુરાવા | | | |
| ૧ આધાર કાર્ડ નંબર ( Aadhaar Card Number) | | | |
| ૨ ચૂંટણીકાર્ડ નંબર(Election Card Number) | | | |
| 3 ડ્રાઈવીંગ લાયસન્સ(Driving license) | | | |
| ૪ પાસપોર્ટની વિગત(Passport Detail) | | | |
| ૫ વાહન નંબરની વિગત(Vehicle Detail) | | | |
| મજુર/નોકર વિદેશી નાગરીક છે કે કેમ? હા/ના, જો હા તો વિદેશી નાગરીકની વિગતો સ્થાનિક પો.સ્ટે. અને સ્પેશ્યલ બ્રાન્ચ (ફોરેનર્સ બ્રાન્ચ) ખાતે જાણ કરવાની રહેશે. | | | |

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

| ઓળખાણ આપનાર( Identifier) | | |
|---|---|---|
| ૧) નામ (Name) | | |
| પિતાનુ નું નામ ( Father'S Name ) | | મો.નં- |
| માતા નુ નામ ( Mother'S Name ) | | મો.નં- |
| જન્મ તારીખ ( Date of birth ) | | |
| હાલ નું રહેવાનુ સરનામું (Present residential address) | | |
| મોબાઇલ/ફોન નંબર( Mobile/Phone Number) | | |
| ૨) નામ (name) | | |
| પિતાનું નામ ( Father'S Name ) | | મો.નં- |
| માતાનું નામ ( Mother'S Name ) | | મો.નં- |
| જન્મ તારીખ ( Date of birth ) | | |
| મોબાઇલ/ફોન નંબર Mobile/Phone Number) | | |
| આધાર કાર્ડ નંબર( Aadhaar Card Number) | | |
| ચુંટણીકાર્ડ નંબર (Election Card Number) | | |

નોંધ:-

(૧) ઓળખના પુરાવાની નકલ રેશનકાર્ડ/પાનકાર્ડ/પાસપોર્ટ/ચુંટણી કાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સ વિગેરેમાંથી કોઈ પણ એક નકલ સાથે જોડવી.

(૨) જો કામે રહેનાર વ્યકિત ગુજરાત રાજ્ય બહારની હોય તો ઓળખાણ આપનાર તરીકે બે વ્યક્તિમાંથી એક વ્યક્તિ ગુજરાતી હોવી જોઈએ તેમજ એક વ્યક્તિ જે-તે જીલ્લા (રાજ્ય) ની હોવી જોઈએ.

♣♣♣♣♣ અમલવારીનો સમય ♣♣♣♣♣

આ હુકમ તા.૧૪/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધીનો રહેશે.

♣♣♣♣♣ અમલવારીનો વિસ્તાર ♣♣♣♣♣

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

♣♣♣♣♣ શિક્ષા ♣♣♣♣♣

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) - ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

♣♣♣♣ જાહેર વિજ્ઞપ્તિ ♣♣♣♣

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખઃ- ૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

Brajesh

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

નકલ સવિનય રવાના:-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૦૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર

(૦૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.

(૦૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.

(૦૫) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.

(૦૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.

(૦૭) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ

(૦૮) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ

(૦૯) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.

(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, ક્રાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.

(૧૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર

(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.

(૧૩) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)

(૧૪) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગાંધીનગર.

(૧૫) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.

(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.

(૧૭) તમામ પો.સ્ટે. થાણા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર(પાંચ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૧૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ

(૧૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રો સાથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)

(૨૦) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૨૧) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.

(૨૨) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.

(૨૩) પો.ઇન્સ.શ્રી,કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૪) એ.સી.પી.શ્રી, સાયબર ક્રાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)

(૨૫) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)